**ફોજદારી કેસ નં. : ૭૫૧/૨૦૨૪**

**–: આંક–૧ લગત હુકમ :–**

૧– ફરિયાદીએ રજુ કરેલ આંક– ૩૩ વાળી સમાધાન પુરશીશ આજ રોજ કાયમી લોકઅદાલતમાં વંચાણે લેતા તેમજ રેકર્ડ વંચાણે લેતાં ફરિયાદીએ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ– ૧૩૮ અન્વયે હાલની ફરીયાદ દાખલ કરેલી છે, જેમાં ફરીયાદી સદર કેસ વધુ આગળ ચલાવવા માંગતા ન હોય ફરીયાદીએ આંક–૩૩ થી હાલની સમાધાન પુરશીશ રજૂ કરેલ છે. અને સમાધાન પુરશીશમાં જણાવેલ વિગતે સમાધાન મંજુર હોવાનુ જણાવેલ છે. ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૪૭ મુજબ આ ગુનો સમાધાનલાયક છે તથા સી.આર.પી.સી. કલમ–૨૫૭ તથા બી.એન.એસ એસ. ની કલમ–૨૮૦ મુજબ ફરિયાદી સમન્સ ટ્રાયેબલ ખાનગી ફરીયાદમાં કાર્યવાહીના કોઈપણ તબકકે ફરિયાદ પાછી ખેંચી શકે છે. નામદાર સર્વોચ્ચ અદાલતના એમ.પી. લીગલ સર્વિસ ઓથોરીટી –વિરૂધ્ધ– પ્રતિક જૈન અને બીજાઓના ચુકાદામાં ઠરાવ્યા મુજબ સમાધાનના કિસ્સામાં અદાલતને યોગ્ય જણાય તો કોસ્ટ જતી કરી શકે છે. સમાધાન થકી કેસના નિકાલને પ્રોત્સાહન આપવાથી ભવિષ્યની દાવાદૂવી અટકાવી શકાય તેમ હોઈ આ કામે ફરીયાદી ખર્ચની રકમ કલેમ કરતા ન હોય જેથી કોઈપણ રકમનો ખર્ચનો હુકમ કર્યા સિવાય હાલની સમાધાન પુરશીશ મુજબ આ ખાનગી ફરિયાદ ફેંસલ કરવામાં આવે તો ન્યાયનું હિત સચવાશે તેવું અદાલતનું માનવું હોઈ ફરીયાદ નિકાલે કરવાનો હુકમ કરી ફરીયાદવાળા ગુનાના કામે આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મૂકવામાં આવે છે. સદર ફરીયાદ કેસ સમાધાન

પુરશીશ થી કેંસલ થતો હોય પેન્ડીંગ તમામ સાધનિક અરજીઓ પણ આથી કેંસલ જાહેર કરવામાં આવે છે.

**હુકમ આજરોજ તારીખ : ૩૦ મી, માહે મે, સને ૨૦૨૬ ના રોજ શનિવારની કાયમી લોક અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.**

તારીખ : ૩૦–૦૫–૨૦૨૬.

સ્થળ : જામજોધપુર.

( એન.આર.ગોહેલ)
જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફ.ક.,
જામજોધપુર.
જજ કોડ : જીજે–૦૧૫૮૪. .